Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ · અંક : ૧૪ · તા. ૪ એપ્રિલ થી ૧૦ એપ્રિલ ૧૫ · વાર્ષિક લવાજમ રૂ. ૫૦ · Regn.No. MCE/53/2015-17

## INNAUGRATION OF RENOVATED CHINCH BUNDER BRANCH OF SHRI ARIHANT CO.OP. BANK LTD. DT. 14-3-15

## શ્રી અરિહંત કો.ઑપ. બેંક લિ.ની નુતનીકરણ પામેલ ચિંચબંદર શાખાનું લોકાર્પણ તા. ૧૪-૩-૧૫




RENOVATED CHINCH BUNDER BRANCH
નવીનીકરણ પામેલ ચિંચબંદર શાખા



YATISHRI WITH DIRECTORS AND GUEST
યતિશ્રી સાથે ડાયરેક્ટરો અને મહેમાન



MANGLIK (RELIGIOUS BEST WISHES) BY YATISHRI MOTISAGAR JI
માંગલિક સંભળાવી રહેલા યતિશ્રી મોતીસાગરજી



LAMP LIGHTNING BY CHAIRMAN & VICE CHAIRMAN
ચેરમેન અને વાઇસ ચેરમેન દિપ પ્રજ્વલિત કરી રહ્યા છે.



SPEECH BY CHAIRMAN ABOUT : INTRODUCTION OF 2 NEW SERVICES LIKE IMPS AND ABPS
ચેરમેન શ્રી મહેન્દ્રભાઇ ખોના દ્વારા આવકાર, નવી સેવા પરિચય



CHIEF GUEST & EX CHAIRMAN OF BANK ADDRESSING CUSTOMERS
ગ્રાહકોને સંબોધન કરી રહેલા ભુ.પૂ.ચેરમેન શ્રી ઠાકરશી ગોસર



VOTE OF THANKS BY VICE CHAIRMAN
વાઇસ ચેરમેન શ્રી કલ્યાણજી છેડા દ્વારા આભારવિધી

# INNAUGRATION OF RENOVATED CHINCH BUNDER BRANCH OF SHRI ARIHANT CO.OP. BANK LTD.
# શ્રી અરિહંત કો.ઑપ. બેંક લિ.ની નવીનીકરણ પામેલ ચિંચબંદર શાખાનું લોકાર્પણ

## SYMBOLIC OPENING OF VARIOUS CABINS BY CUTTING RIBBONS BY VIPS
## માનવંતા મહેમાનોએ રિબિન કાપીને વિવિધ કેબિનોનું પ્રતિકાત્મક ઉદ્‌ઘાટન કર્યું















DIRECTORS, CEO & STAFF
OF
CHINCH BUNDER BRANCH

ડાયરેક્ટરો, સી.ઇ.ઓ.
અને
ચિંચબંદર શાખાનો સ્ટાફ

## મુંબઇ મહાજનશ્રી દ્વારા નિર્માણાધીન ઐરોલી મહાજનવાડીનું પ્રતિકાત્મક ઉદ્‌ઘાટન

મુંબઇ મહાજનશ્રી દ્વારા શનિવાર તા. ૨૮ માર્ચ ૨૦૧૫ના યોજાયેલ એક કાર્યક્રમમાં ઐરોલી નવી મુંબઇના 'કસ્તુરી પદમ' બેન્કવેટનું પ્રતીકાત્મક ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. જ્ઞાતિજનો અને અગ્રણીઓની બહોળી હાજરીમાં યોજાયેલ આ કાર્યક્રમમાં વિવિધ દાતાશ્રીઓના સન્માનો થયાં તેમજ મુંબઇ મહાજનશ્રી અને ૨૦૧૦-૨૦૧૫ મુદતની વ્યવસ્થાપક સમિતિના સભ્યો, પેટા સમિતિઓના સંચાલકો અને અનંતનાથજી ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓના અભિવાદન કરાયા. પ્રમુખશ્રી નયનભાઇ ભેદાએ 'અનંતયુવા શક્તિ' ના નેજા હેઠળ ચુંટાયેલ વ્યવસ્થાપક સમિતી અને અનંતનાથજી ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓ દ્વારા વીતેલા પાંચ વર્ષ દરમ્યાન જે જુદી જુદી પ્રવૃત્તિઓ થઇ તેની વિગતે માહિતી આપી હતી. અધુરા રહેલા કાર્યોમાં તેમણે ભાંડૂપની 'અનંતસિદ્ધી'ની પ્રોપર્ટીનું રિડેવલપમેન્ટ, ડોંબીવલીમાં સભાગૃહ, દરેકે દરેક જ્ઞાતિજનોના ઘરની મુલાકાત તેમજ સો કરોડ જેટલું કોર્પસ ફંડ ઊભું ન કરી શકાયું તે ગણાવ્યા હતા. **(તસ્વીરો છેલ્લા કવર પર)**

### શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર દ્વારા શૈક્ષણિક દાન



શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર દ્વારા તા. ૨૮-૩-૧૫ ના ઐરોલી મહાજનવાડીનાં પ્રતિકાત્મક ઉદ્‌ઘાટન પ્રસંગે મહાનુભાવો અને જ્ઞાતિજનોની બહોળી હાજરી વચ્ચે કુલ્લે રૂા. ૧૧ કરોડનાં શૈક્ષણિક દાનની જાહેરાતો થઇ હતી. આ જાહેરાત પ્રમાણે શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શ્રી વિરજી લધાભાઇ વિદ્યાર્થીગૃહના બાંધકામ માટે રૂપીયા ૧ કરોડનું અનુદાન અપાયું છે તથા આજ ચેરીટેબલ ટ્રસ્ટનું રૂા.૧૦ કરોડનું શૈક્ષણિક કોર્પસ ફંડ નિર્મિત કરી તેના વ્યાજ માંથી ઉચ્ચ શિક્ષણ માટે લોન અપાશે.

### શ્રી નવીનચંદ મુલજી સોનાવાલા (નાગડા) ની સુપુત્રી કિર્તીદા ભરત મેકોની દ્વારા શૈક્ષણિક દાન



મૂળ ગદગના શ્રી નવીનચંદ મુલજી સોનાવાલા (નાગડા) ની સુપુત્રી શ્રીમતી કિર્તીદા ભરત નાનાલાલ મેકાની (નાની ખાખર) હાલ સિંગાપોર દ્વારા) શ્રી. ક.દ.ઓ. જૈન ઉત્કર્ષ કેળવણી ટ્રસ્ટને રૂા. ૫૦ લાખનું કોર્પસ ફંડ તેના વ્યાજમાંથી શૈક્ષણિક સ્કોલરશીપ આપવાના ઉદ્દેશાર્થે અનુદાન અપાયાની જાહેરાત કરવામાં આવી.

## શ્રી અરિહંત બેંક ની નુતનીકરણ પામેલ અત્યાધુનિક ચિંચબંદર શાખાનું લોકાર્પણ

શ્રી અરિહંત કો.ઓપ. બેંક ની નુતનીકરણ પામેલ અત્યાધુનિક ચિંચબંદર શાખાનું લોકાર્પણ યતિશ્રી મોતીસાગરજી મ.સા., ભુ.પુ. ચેરમેન ઠાકરશી ગોસર આદિ. મહેમાનો તથા ૨૫૦ જેટલા ગ્રાહકોની ઉપસ્થિતીમાં શનિવાર તા. ૧૪-૩-૨૦૧૫નાં થયું હતો.

ચેરમેન શ્રી મહેન્દ્રભાઇ ખોના તથા વાઇસ ચેરમેન શ્રી કલ્યાણજીભાઇ છેડાએ દિપ પ્રાગટ્ય કરી. કાર્યક્રમનો શુભારંભ કર્યો. યતિશ્રીએ માંગલિક સંભળાવી પ્રગતિનાં આશિર્વાદ આપ્યા.ભુ.પુ. ચેરમેન શ્રી ઠાકરશી ગોસરે વર્તમાન સંચાલકોની નવીનવી અત્યાધુનિક વસ્તુઓ દાખલ કરીને બેંકને સેવાની દષ્ટીએ શ્રેષ્ઠ રાખવાની ધગશને બીરદાવીહતી. ડાયરેક્ટર શ્રી નિતીન સાયલાએ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. બેંકના ઇન્ફરમેશન ટેક્નોલોજી બાબતોના સલાહકાર કિરીટ મુનવરે IMPS (Credit) તથા ABPS સેવાઓની ઉપયોગિતા સમજાવી હતી.

મહાનુભાવોએ રીબીન કાપીને નુતનીકરણ પામેલ વિવિધ કેબિનોનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આભાર વિધી વાઇસ ચેરમેન કલ્યાણજી છેડાએ કરી હતી.
**(તસ્વીરો પહેલા અને બીજા કવર પર)**


શુભેચ્છા સહ.....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ,
૯૯ મસ્જીદ સાઇડીંગ રોડ, મુંબઇ-૯.


**પ્રકાશ સમિક્ષાના ચેક લખનારાઓને આગ્રહભરી વિનંતી કે બન્ને પક્ષે મુશ્કેલી ટાળવા ચેકો C.D.O. PRAKASH SAMIKSHA SAMITI - નામે લખવા. એપ્રીલ ૨૦૧૫ થી રિઝર્વ બેંકની સુચના પ્રમાણે અમારી બેંક ખાતાના નામ સિવાયનાં નામનાં ચેક નહીં સ્વીકારે**

**આદ્યતંત્રીઓ**
**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 14/2015**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poomima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# તંત્રી સમીપે

## જ્ઞાતિ ઐક્યને સર્વાધિક પ્રાધાન્ય આપીએ...

વીતેલા ત્રણેક સપ્તાહમાં જ્ઞાતિપ્રવાહમાં, ખાસ કરીને મુંબઇ મહાજન અને અનંતનાથજી ટ્રસ્ટને લગતી ગતિવિધીઓમાં, જે રીતે પહેલા સુખદ અને પછીથી ચિંતાપ્રેરક તરંગો સર્જાયા છે. તેથી સૌ વિચારશીલ જ્ઞાતિજનો વ્યથિત તો થયા જ છે પણ સાથે સાથે અસમંજસમાં પણ મૂકાયા છે.

ગત ૮ માર્ચના મુંબઇ મહાજને અને અનંતનાથજી ટ્રસ્ટે લગભગ બે સદી પૂર્વેથી મુંબઇમાં આપણી જ્ઞાતિનાં મૂળ વસવાટ વિસ્તારમાં ૧૩૯ વર્ષ પહેલા જ્ઞાતિશ્રેષ્ઠી શેઠ કેશવજી નાયક દ્વારા નિર્મિત ફુવારા અને પ્યાઉના સ્થાપત્યનું નવસંસ્કરણ કરાવ્યું અને તે પછી તેનો ઉદ્ઘાટન કાર્યક્રમ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાનના હસ્તે કરાવી અને જૈન સમાજના અગ્રણીઓની અને જ્ઞાતિજનોની વિશાળ હાજરીમાં યોજયો, તે જ્ઞાતિની અસ્મિતાનો પુનરુત્થાન કરતી ઐતિહાસિક યશ ઘટનાને લીધે મુંબઇ શહેમાં આપણી જ્ઞાતિની વિશિષ્ટપણે નોંધ લેવાઇ. તેની સાથો સાથ ત્યાં ઉપસ્થિત રહેલ જ્ઞાતિજનોએ તેમજ તે પછી પણ સમગ્ર જ્ઞાતિએ આ પ્રસંગને લીધે ભરચક હર્ષોલ્લાસ અને ગૌરવના સુખદ તરંગો અનુભવ્યા.

શેઠ કેશવજી નાયકનો 'ફુવારો' એક વૈશ્વિક સાંસ્કૃતિક સ્થાપત્ય છે. તેને મુંબઇ મ્યુનિસિપલ કોર્પોરેશન પાસેથી દત્તક મેળવવાની કાર્યવાહી તેમજ તેને લગતી હેરીટેજ કમિટીની પરવાનગી મેળવવામાં અને તે પછી મૂળ કૃતિને અધિકાંશપણે જાળવી રાખવા માટે કાળજીપૂર્વક અને નાનામાં નાની બાબતે સંભાળપૂર્વક કામ કરાવવામાં કુદરતી રીતે જે સમય લાગ્યો તેને અનુલક્ષીને આવી ગૌરવપ્રદ અને અભૂતપૂર્વ ઉપલબ્ધિનો શ્રેય મેળવવા મહાજન અને ટ્રસ્ટનાં આ અધિકારીવર્ગ અને ટ્રસ્ટીઓએ પોતાની મુદત ૩૧ માર્ચના પૂરી થવાના ત્રણેક અઠવાડીયા પહેલાં આ કાર્યક્રમ યોજ્યો. તેને યોગાનુયોગ તરીકે સ્વીકારવો જોઇએ, તેમ છતાં પણ વિશ્વ કક્ષાના એક હેરિટેજ સ્થાપત્યને પુનર્જિવિત કરી સમસ્ત મુંબઇના સમાજ જીવનમાં આપણી જ્ઞાતિને ઉચ્ચતમ સ્થાન અપાવવા બદલ આ ટ્રસ્ટીઓ અને અધિકારીઓ પોતાના કાર્યાવધિમાં જ આ કાર્યક્રમ યોજી યશ મેળવવા પૂર્ણતઃ હકદાર હતા જ, એમાં બેમતને અવકાશ નથી.

અલબત્ત, સમસ્ત જ્ઞાતિને યશકલગીથી પોંખતા આવા ઐતિહાસિક પ્રસંગે મુંબઇ મહાજનની નવનિર્વાચિત વ્યવસ્થાપક સમિતિના સભ્યો અને અનંતનાથજી ટ્રસ્ટના નવનિયુક્ત ટ્રસ્ટીઓમાંથી મોટા ભાગના સભ્યો-ટ્રસ્ટીઓ ઉપસ્થિ ન હતા તે વાત કોઇ પણ વિચારશીલ જ્ઞાતિકર્મીને અખરી રહી હતી.

પરંતુ આ કાર્યક્રમ પછી પંદર-વીસ દિવસ દરમ્યાનનો ઘટનાક્રમ ખરેખર વધારે વ્યથિત કરે તેવો બન્યો છે.

નવી મુંબઇમાં નિર્માણાધીન જ્ઞાતિની વાડી અને અતિથિગૃહના સંકુલનું બાંધકામ હજી ઘણી રીતે અપૂર્ણ હોવા છતાં તે વખતના, હવે પુરોગામી બનેલા મહાજનના અધિકારીઓ અને અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ પોતાની કાર્યાવધિ પૂરી થવા પહેલા તે સંકુલનું ઉદ્ઘાટન કરવા નિશ્ચયાત્મક વલણ લીધું અને છેવટે તેવો આગ્રહ સેવી ગત ૨૮ માર્ચનાં તેનું 'પ્રતીત્મક' ઉદ્ઘાટન કર્યું. તેને કારણે મુંબઇની જ્ઞાતિ ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ જેવા બે વિભાગોમાં વહેચાઇ ગઇ હોય તેવી સ્થિતિ સર્જાઇ છે.

અલબત્ત, આ પ્રતીકાત્મક ઉદ્ઘાટન કરવાના પ્રસ્તાવનો શરૂઆતથીજ સખત વિરોધ થયેલો. તે આ કાર્યક્રમ થયા પછી ઘણા જ્ઞાતિજનોની જાણમાં આવ્યું.

આ માટેની આમંત્રણ પત્રિકામાં ભુમિદાતાઓના પરિવારોનું તેમજ શ્રી કાનજી વસનજી પાલાણી પરિવાર અને બાંધકામ માટે મોટી રકમ આપનાર એક પરિવારનાં અભિવાદનની તેમજ નવનિયુક્ત મુંબઇ મહાજનની વ્યવસ્થાપક સમિતીનાં સભ્યો અને અનંતનાથજી ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓના સ્વાગતની કાર્યસુચિ દર્શાવાયેલ છે. જેને કારણે થોડા દિવસો પહેલાં કેશવજી નાયક ફુવારાનાં સ્થાપત્યના નવસંસ્કારણના

ઉદ્‌ઘાટન કાર્યક્રમ વખતે નિહાળેલી પ્રણાલીને એક કદમ ઓર આગળ વધતી જોવા એટલે કે ઉક્ત પરિવારોના સન્માન થવાના અને આગંતુક વ્યવસ્થાપક સમિતી અને ટ્રસ્ટીઓના સ્વાગત અને તેમની અને વિદાય લઈ રહેલા મુંબઈ મહાજનના કાર્યકરો-અધિકારીઓ અને ટ્રસ્ટીઓ વચ્ચેની પરસ્પર અત્મીયતા નિહાળવાના પ્રસંગો માણવા અનેક અગ્રણીઓ અને જ્ઞાતિજનો ઉક્ત કાર્યક્રમમાં હાજર રહ્યા હતાં પરંતુ આની પૃષ્ઠભુમિમાં જે મતભેદો અને મનભેદોએ ભાગ ભજવ્યો હતો તેની જાણકારી તો કાર્યક્રમ થયા પછી જ અનેક જ્ઞાતિજનોને થતા તેઓ પણ અસમંજસમાં મુકાયા તે એક વરવી કરૂણ વાસ્તવિકતા છે.

આ પ્રતીકાત્મક ઉદ્‌ઘાટન સામે સૌ પ્રથમ આ વાડીની જમીનના ભૂમિદાતાઓમાંના ભૂપેન્દ્રભાઈ દંડે સખત વિરોધ પ્રદર્શિત કર્યો હતો. વાડી અને અતિથિગૃહના આ સંકુલનું બાંધકામ ઘણે અંશે અધુરૂં હોતાં અને નવી મુંબઈની મ્યુનીસીપલ કૉર્પોરેશને હજી એને ઓક્યુપેશન સર્ટિફિકેટ આપ્યું ન હોતાં, આ પ્રતીકાત્મક ઉદ્‌ઘાટન જેવું સગવડિયું નામ આપીને આવો કોઈ કાર્યક્રમ ન યોજાવો જોઈએ. અને જો તે યોજાશે તો તેમાં પોતે હાજર રહેશે નહીં તે અનુસાર તેમણે મહાજનના અધિકારીઓને સ્પષ્ટપણે જણાવી દીધું હતું.

આમ છતાં, આમંત્રણ પત્રિકામાં તેમની સંમતિ વિના તેમના અભિવાદનની કાર્યસુચિ છપાઈ હતી અને સ્વાભાવિકપણે તેઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા ન હતા. તેમ છતાં આ કાર્યક્રમ યોજાયો અને તેમના પરિવારનું સન્માન કરવાની વિધી થઈ, જે વખતે તેમના વતી સભ્ય ભૂમિદાતાએ સન્માન સ્વીકાર્યું તેની તેમને જાણ થઈ કે તરતજ તેમણે સખત શબ્દોમાં વિરોધ કરીને તે પાછું મોકલ્યું.

તેવી જ રીતે, શેઠ કાનજી વસનજી પાલાણી ક.દ.ઓ. જૈન મહાજનવાડીના ટ્રસ્ટીઓ જેમણે આ સંકુલ માટે ઘણું મોટું દાન પ્રદાન કરેલ તેમણે પણ આવી અપૂર્ણ વાડીનાં ઉદ્‌ઘાટન સામે વિરોધ કરેલો અને તે અનુસાર આ કાર્યક્રમમાં તેઓ હાજર ન રહ્યા હતા.

આજ પ્રમાણે, નવનિયુક્ત મહાજનની વ્યવસ્થાપક સમિતિ અને અનંતનાથજી ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓએ પણ આ અપૂર્ણ બાંધકામ થયેલ 'વાડીના' પ્રતિકાત્મક કે અન્ય કોઈ વિશેષણ આપી ઉદ્‌ઘાટન કરવા સામે વાંધો લીધો હતો અને ઉલટું પોતે પહેલી ૧ એપ્રીલ પછી કાર્યભાર સંભાળ્યા બાદ જ્યારે પણ આ સંપૂર્ણ બાંધકામ થયેલ 'વાડી'નું ઑક્યુપેશન સર્ટીફિકેટ મળી જશે, તે પછી એજ (હવે ભૂતપૂર્વ) પ્રમુખશ્રી અને ટ્રસ્ટીઓના હસ્તે જ વિધિસરનું ઉદ્‌ઘાટન કરાશે, તેવું વચન આપીને આ પ્રતીકાત્મક ઉદ્‌ઘાટન માટે ખર્ચ કરવાની જરૂર ન હોવાની તેમજ તેમને (નવનિર્વાચિત ટ્રસ્ટીઓ અને મહાજનની વ્યવસ્થાપક સમિતીનાં સભ્યોને) આવકાર આપવા જેવો કોઈ કાર્યક્રમ ન યોજવાની અને તે માટે પણ કોઈ ખર્ચ ન કરવાની

---

ના કોઈની સાથે,
સદા સૌની સાથે

॥ નમામિ જ્ઞાતિ મૈયે ॥

## શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજન

કાર્યાલય : **તન-મન ટૂર્સ**

**સેક્રેટરી જનરલ,** ૧૯-૨૦. ભુજબલ નિવાસ, જે. એન. રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. ફોન : ૨૫૯૦૩૫૧૪ / ૧૫ / ૧૬

## શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનની આગામી સભાઓ.

**રવિવાર તા. ૨૬-૦૪-૨૦૧૫**

### ટ્રસ્ટબોર્ડ ની સભા

સવારનાં - ૯.૩૦ કલાકે મુલુન્ડ સંસ્થાના કાર્યાલયમાં મળશે.

### મહાસમિતીની સભા

(ફક્ત મહાસમિતી ના પ્રતિનિધીઓ માટે)

બપોરનાં - ૨.૩૦ કલાકે નીચેના સ્થળે મળશે.

સ્થળ : વિજય સોસાયટી હોલ (શિશુકુંજ) સેવારામ લાલવાની રોડ, મુલુન્ડ (વેસ્ટ)

સેક્રેટરી જનરલ **ચીમન મોતા** ના વંદન

સ્પષ્ટ સુચના આપી હતી એટલે, તેમની સંમતી વીના આમંત્રણ પત્રિકામાં તેમનાં સ્વાગત કરવાની બાબત છપાઇ હતી પરંતુ તેમને તે અમાન્ય હોવાથી સ્વાભાવિકપણે તેઓ સૌ પણ કાર્યક્રમમાં હાજર રહ્યા ન હતા.

આમ છતાં, મહાજનશ્રીના (હવે ભૂતપૂર્વ) અધિકારીઓએ આ કાર્યક્રમ યોજ્યો. જેમાં છેવટે ઉપરોક્ત અભિવાદનો અને સ્વાગત અંગેની કાર્ય સૂચિઓને યોગ્યતઃ સાર્થક ન થઇ. પરંતુ આ આખો કાર્યક્રમ એક અન્ય કાર્યસૂચિ એટલે કે 'અનંત યુવા શક્તિનાં પાંચ વરસના કાર્યકાળ દરમ્યાન જ્ઞાતિ સેવાર્થે સહયોગ આપનાર સાથીઓનું અભિવાદન'ના કાર્યક્રમ માટેજ યોજાયો હોય તેવું મહદંશે પરિણામ્યું.

અલબત્ત, અનંત યુવા શક્તિનાં કાર્યકરોના અભિવાદન થયા તે ઘણી રીતે ઉચિત હતા. આને લીધે આમાંના લગભગ દરેકે દરેક કાર્યકરના વ્યક્તિત્વની અને તેમના યોગદાનની વિશિષ્ટતાઓની માહિતી અપાઇ તેને સ્વપ્રશસ્તિ કહીને ટીકા ન થવી જોઇએ. ઉલ્ટું, આ માહિતી આપવાને કારણે સંબંધિત કાર્યકરને વધુ પ્રોત્સાહન અને અન્યોને તેમાંથી પ્રેરણા મળે છે, તે ભુલાવું ન જોઇએ.

તેવીજ રીતે ભૂતપૂર્વ પ્રમુખશ્રીએ નિખાલસતાથી જે ચાર પ્રવૃત્તિઓ કે આયોજનો તેમના કાર્યકાળ દરમ્યાન ન કરી શકાયા તેનો એકરાર કર્યો, તે પણ પ્રશંસનીય છે. આમાં, તેમણે જ્ઞાતિજનોના ઘરે ઘરે જઇને સંપર્ક, ડોંબીવલીમાં આપણી જ્ઞાતિના સભાગૃહનું નિર્માણ, ભાંડુપમાં 'અનંતસિધ્ધિ'ની મિલકતનો પૂનર્વિકાસ અને જ્ઞાતિ માટે સો-એક કરોડનું કોર્પસ ફંડ એકત્ર કરવાને મુખ્ય ગણાવ્યા હતા.

આમ આખરે, આ સમગ્ર કાર્યક્રમ મહદંશે પોતાના સાથીઓના અભિવાદન કરવા અને પોતાની ટીમે પાંચ વર્ષની કારકિર્દીમાં જે પ્રવૃત્તિઓ અને આયોજનો કર્યા તેની વિગતવાર રૂપરેખા આપવાના ઉદેશાર્થે સપન્ન થયો. આ માટે ઓછામાં ઓછા દશ-પંદર લાખનો ખર્ચ થયો હશે. તેવીજ રીતે ભવિષ્યમાં ઉક્ત સંપૂર્ણ થયેલ વાડી અને અતિથિગૃહનું વિધિસરનું ઉદ્ઘાટન થશે ત્યારે ભૂમિદાતાઓ અને અન્ય દાતાઓના સન્માન કરવા જ પડશે અને તે માટે પણ સાદાઇ પૂર્વક કાર્યક્રમ યોજાશે. તે પણ વધારાનો ખર્ચ થશે. અલબત, તે વખતે પણ વ્યાજબી રીતે એક બીજી તક્તી મૂકાશે ત્યારે અત્યારે મૂકાયેલ તક્તી વિશે શી પ્રતિક્રિયા થશે તે તો આવનાર સમય કહેશે.

એ જે પ્રમાણે ઘટિત થશે તે પરંતુ આ કાર્યક્રમ યોજવાના ઔચિત્યનો મુદ્દો બાજુ પર મુકીને જો સમગ્ર જ્ઞાતિનાં દૃષ્ટિકોણથી તટસ્થ વિચારણા કરીએ તો એ જરૂર નોંધવું જોઇએ કે અનંત યુવા શક્તિનાં સંગઠનમાં જ્ઞાતિની વિવિધ પ્રવૃત્તિઓનું સફળતાપૂર્વક સંચાલન કરી શકે તેવા અનુભવી અનેક યુવા-યુવતીઓ છે, જે આ સંગઠનની પાંચ વર્ષની ઉત્તમોત્તમ ઉપલબ્ધિ છે. પાંચેક વર્ષથી આ યુવા-યુવતીઓએ મુંબઇ મહાજન દ્વારા નિમાયેલ વિવિધ પેટા-સમિતીઓનું સુપેરે સંચાલનકર્યું છે. તેઓ સૌ અને વર્તમાન વ્યવસ્થાપક સમિતિનાં સભ્યો સાથે મળીને મુંબઇ મહાજનની પ્રવૃત્તિઓનો દોર સંયમિત ખર્ચમાં અને જ્ઞાતિનાં અન્ય મહાજનોનાં સમન્વયમાં જારી રાખશે તો જ્ઞાતિ ઐક્યનું શ્રેષ્ઠ ઉદાહરણ સાકાર થશે.

મુંબઇની મુખ્ય સંસ્થાઓ અને ટ્રસ્ટોનાં સંચાલનની ધુરા સંભાળતાં વહીવટકર્તાઓ અને તેમનાં પુરોગામીઓ અને અન્ય જ્ઞાતિકર્મીઓ સંસ્થાકિય વ્યવહારોમાં અન્યોન્ય સાથે કેટલી માત્રામાં સંવાદિતા-વિસંવાદિતા નિભાવે છે તેનો પ્રભાવ શેષ જ્ઞાતિ પર પડતો હોય છે. એટલેજ, નવી મુંબઇની વાડીનાં પ્રતિકાત્મક ઉદ્ઘાટન કાર્યક્રમને લીધે મુંબઇના જ્ઞાતિ અગ્રણીઓમાં જે તીવ્ર મતભેદો અને ઉંડા મનભેદો સર્જાયા છે, તેના ઘા વધુ ઊંડાન થાય અને તે સત્વરે સદંતર નિર્મુળ થાય તે માટે સૌ સંબંધિતોને ૧૮ એપ્રિલ ૨૦૧૦ ના મુંબઇમાં જ્ઞાતિ સમર્પણતા કાજે લીધેલ શપથના વચનોની યાદ દેવડાવીએ અને સાથે સાથે આગામી ચાર સપ્તાહોમાં પારોલા અને સુથરીના મહાતીર્થો તેમજ સાંધવ, બારસી, મોટી સિંધોડી, દલતુંગી, ગોએરસમા, વારાપધર, રંગપુર, મંજલ રેલડીયા અને ચોપડાનાં તીર્થો તેમજ બોતેર જિનાલયની વર્ષગાંઠોની ઉજવણીઓ થવાની છે તેમને સાર્થક કરવાની સૌ જ્ઞાતિકર્મીઓને પાત્રતા અને સજ્જતા પ્રાપ્ત થાય તેવી આગોતરી શુભેચ્છાઓ આપીએ. રા.

શુભેચ્છાસહ Laxmichand Dharshi Mota
MOTA SHIPPING AGENCY
C.H.A.No. 11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

મુંબઇ મહાજન અને અનંતનાથજી ટ્રસ્ટનો કાર્યભાર શ્રી કલ્પેશભાઇ મોતા અને તેમની ટીમએ સંભાળી લીધો તે બદલ એમને વધામણા સહ ખુબખુબ શુભેચ્છાઓ.
તન - મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

|| શ્રી ભોમીયાજી દેવાય નમઃ || || દેવાધિદેવ શ્રી શામળીયા પાર્શ્વનાથાય નમઃ || || શ્રી મહાકાલી દેવ્યૈ નમઃ ||

|| નમો નમઃ શ્રી ગુણસાગર સૂરયે ||

# પધારો... પધારો... પધારો...

## શ્રી સમેત શિખરજી મહાતીર્થે... ૨૦ તીર્થંકર નિર્વાણ સ્થળે અચલગચ્છ કચ્છી ભવનનાં પ્રાંગણે... પૂજ્યોની નિશ્રામાં ચાતુર્માસ આરાધના કરવા પધારો...

**આજ્ઞા-શુભાશીષ**
તપસ્વીસમ્રાટ, અચલગચ્છાધિપતિ
પ.પૂ. આચાર્ય ભગવંત
શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

**દિવ્યકૃપા**
શાસનસમ્રાટ, રાષ્ટ્રસંત
અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.
શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.

**શુભાશિષ**
સાહિત્યદિવાકર, સૌમ્યસ્વભાવી
પ.પૂ. આચાર્ય ભગવંત
શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.

સમેત શિખર તીર્થની છે આગમોમાં પૂજ્યતા... સમેત શિખર તીર્થની છે શાસ્ત્રોમાં પણ શ્રેષ્ઠતા
જ્યાં ભોમિયાજી ભેરૂ થઈ તે સંકટો સૌ ટાળતા, તે સમેત શિખર તીર્થને હો વંદના મુજ વંદના

જે તીર્થનો મહિમા તીર્થંકરોએ પોતાની દેશનામાં વર્ણવ્યો છે, ગણધરોએ શાસ્ત્રોમાં ગુંથ્યો છે તથા જે તીર્થે ૨૦-૨૦ તીર્થંકરો નિર્વાણ પામ્યા છે, અને પ્રભુ શાસનને પામેલા દરેક ભવ્યાત્મા જે તીર્થની સ્પર્શના કરવા ઝંખે છે એ પરમ પવિત્ર તીર્થમાં... આજથી ૩૧ વર્ષ પૂર્વે...

કચ્છી હૃદયસમ્રાટ, ભારત દિવાકર, રાષ્ટ્રસંત, અચલગચ્છાધિપતિ, **પ.પૂ. આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબ...** ૧૫૦૦ યાત્રિકો સાથે છ'રી પાલક સંઘ સહ પધાર્યા હતા... અને ૬૬ ઠાણા સાધુ-સાધ્વીજી સહિત ચાતુર્માસ કરી ફક્ત ચાર મહિનામાં કચ્છી ભવનનાં પ્રાંગણમાં ૨૦ જિનાલયનું નિર્માણ કરાવ્યું હતું. તે કચ્છી ભવનનું હાલમાં જ નૂતનીકરણ થતાં... તેનું ભવ્યતાથી ઉદ્‌ઘાટન કરવું એવી ટ્રસ્ટીગણની વિચારણા ચાલુ હતી... તે દરમ્યાન...

અચલગચ્છાધિપતિશ્રીનાં આજ્ઞાવર્તિની પ્રશાંતમૂર્તિ, **પ.પૂ. નિરંજનાશ્રીજી મ.સા.**નાં સુશિષ્યા, પરમવિદૂષી, **પ.પૂ. પુણ્યોદયશ્રીજી મ.સા.**નાં સુશિષ્યા, વ્યવહારદક્ષા **પ.પૂ. વિપુલગુણાશ્રીજી મ.સા., પ.પૂ. મૌનગુણાશ્રીજી મ.સા., પ.પૂ. નયગુણાશ્રીજી મ.સા.** આદિ ઠાણા-૧૫, કે જેઓ પાલી (રાજસ્થાન)થી વિહાર કરતાં કરતાં જબલપુર પ્રતિષ્ઠા પ્રસંગે પધારી રહ્યા છે એવા સમાચાર અમને મળ્યા... અને ત્યારે... નૂતનીકરણ થયેલ કચ્છીભવન (સમેત શિખર)માં પૂજ્યોનું ચાતુર્માસ કરાવવું એવા ભાવ અમને જાગ્યા. એટલે સમેત શિખર અચલગચ્છ કચ્છી ભવન મધ્યે વિ.સં. ૨૦૭૧ નાં ચાતુર્માસ માટે તેઓશ્રીને મોકલવા માટે ૪૯/૪૯ વર્ધીતપનાં આરાધક, તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ, **પ.પૂ. આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ને અતિ આગ્રહભરી વિનંતી કરી છે. અમને આશા જ નહીં પણ સંપૂર્ણ વિશ્વાસ છે કે જે પાવન ભૂમિ ઉપર શાસન સમ્રાટ પૂજ્યશ્રી એ ૨૦ જિનાલયનું નિર્માણ કરાવી, ચાતુર્માસ દરમ્યાન યોગોદ્વહન, ૨૦ થી અધિક માસક્ષમણ તથા અનેકવિધ તપ-જપ-આરાધનાના વિશિષ્ટ અણુ-પરમાણુથી એ ભૂમિને સુવિશુદ્ધ બનાવી છે એ કચ્છી ભવનનાં બારણે ચાતુર્માસ દરમ્યાન આરાધના કરવા-કરાવવા માટે અમને પૂજ્યશ્રી અનુમતિ-આજ્ઞા આપશે.

**તો... આવા મહાન તીર્થમાં ચાતુર્માસ દરમ્યાન અષાઢ પૂર્ણિમાથી ભાદરવા પૂર્ણિમા સુધી (બે મહિના) સકલ શ્રી સંઘના અચલગચ્છીય આરાધકોને આરાધના કરવા માટે નેહભર્યું નિમંત્રણ આપતા અમે હર્ષ અનુભવીએ છીએ.**

તો... શિખરજી તીર્થમાં થનાર.... વિશિષ્ટ... અનુપમ... આરાધનાસભર ચાતુર્માસમાં જોડાવવા આરાધનાપ્રેમી સૌ આરાધકો... ! ના ચૂકતા આ અવસર નીચેના સ્થળેથી ફોર્મ મેળવી... ફોર્મ ભરી દેજો સમયસર...

-: આરાધનામાં જોડાવવા માટેના ફોર્મ પ્રાપ્ત કરવાનાં સ્થળો :-

**• શ્રી વાસુપૂજ્ય જૈન દેરાસર - મુલુંડ (વેસ્ટ) •**
૫૪/૫૫, જવેર રોડ, મુલુંડ (વેસ્ટ)
ફોન : (૦૨૨) ૨૫૬૭ ૧૧૭૦

**• શ્રી સુવિધિનાથ દેરાસર - ડોંબિવલી (ઈસ્ટ) •**
માનપાડા રોડ, ડોંબીવલી (ઈસ્ટ)
ફોન : ૦૨૫૧-૨૪૫ ૭૩૧૮

**• શ્રી શીતલનાથ જૈન દેરાસર - દાદર (ઈસ્ટ) •**
૧૩૫, દાદા સાહેબ ફાલકે માર્ગ, દાદર (ઈસ્ટ)
ફોન : (૦૨૨) ૨૪૧૧ ૦૮૯૭

**• શ્રી જોગેશ્વરી અચલગચ્છ ભવન - જોગેશ્વરી (ઈસ્ટ) •**
શ્રી મામણીયા નંદુ અચલગચ્છ ભવન - શ્રી જોગેશ્વરી જૈન સંઘ
ફોન : (૦૨૨) ૨૮૨૪ ૦૩૦૦

**• શ્રી નાલાસોપારા સ્ટેશન અચલગચ્છ જૈન સંઘ - નાલાસોપારા (ઈસ્ટ) •**
મહેશ પાર્ક, શ્રીપાલ કોમ્પલેક્ષની બાજુમાં, તુલીંજ રોડ, નાલાસોપારા (ઈસ્ટ)
ફોન : ૦૨૫૦-૨૪૩ ૨૪૪૫

ઉપરોક્ત સ્થળેથી ફોર્મ મેળવી સંપૂર્ણ વિગતવાર ભરી રીફંડેબલ ડિપોઝીટ રૂા. ૧૦૦૦/- સાથે તા. ૧૦/૪/૨૦૧૫ સુધી જમા કરાવી દેવા.

સંપર્ક સૂત્ર : **શ્રી ચેતન દેઢિયા (ગઢશીશા) : 98216 24651 • શ્રી ધીરેન હરીયા (શેરડી) : 90040 50307**

**ખાસ નોંધ :** વિશિષ્ટ તપસ્વી, વિશિષ્ટ આરાધકો તથા શ્રાવકોનાં ફક્ત ૨૦૦ નામ લેવાનાં હોવાથી 'પહેલા તે પહેલા'નાં ધોરણે પ્રથમ સ્વીકારાશે. આરાધનાકર્તાઓએ ફોર્મમાં જણાવેલ સર્વે નિયમો માન્ય રહેશે અને સર્વે આખરી નિર્ણયો પૂજ્યોશ્રી દ્વારા જણાવ્યા અનુસાર રહેશે.

લિ.


અમરચંદ રામજી ગાલા (રાયણ - નવનીત)................ચેરમેન
ઝવેરચંદ જેઠાલાલ સાવલા (બિંદરા) ...................... મે. ટ્રસ્ટી
કુલીનકાંત મોરારજી ગાલા (નાના આસંબીયા) ......જો. મેને. ટ્રસ્ટી
દિપક મુલચંદ ગોસર (વીઢ) ................................ખજાનચી
ચેતન ખેરાજ દેઢિયા (ગઢશીશા)...............................સેક્રેટરી
ધીરેન હરખચંદ હરીયા (શેરડી).....................સહ ખજાનચી
કુંવરજી રામજી ગાલા (રાયણ - નવનીત) ....................ટ્રસ્ટી
મોનજી કોરશી શાહ (કોડાય - મહાદેવપુરી) ....................ટ્રસ્ટી
મેઘજી ખીમજી વીરા (દેવપુર) ....................................ટ્રસ્ટી
એડ. એલ. ડી. શાહ (ભોજાય) ....................................ટ્રસ્ટી
વિપીન મગનલાલ શાહ (મોટા આસંબીયા) ....................ટ્રસ્ટી
લક્ષ્મીચંદ ધારશી મોતા (લાખણીયા) ...........................ટ્રસ્ટી

## કષ્ટદાયક તકલીફો માટે સરળ નુસ્ખા અને ચમત્કારિક આરામ...

ડો. વીરચંદ લખમશી નાગડા MBBS. - Bom મો. 09757303562

આજે વિજ્ઞાને આરોગ્ય ક્ષેત્રે ઘણી શોધો કરી, આગવી દવાઓ, તપાસો અને ઇલાજમાં અધતન સુધારા કર્યા છે; પણ આપણાં વડીલો જે ઘરગથ્થુ અને સરળ (ડોશીમાનું વૈદુ) અપનાવી કેટલાક દર્દોથી રાહત મેળવતા હતા એ સરળ ઇલાજ આપણે પણ જરૂર કરીએ. ઓછો ખર્ચ, નો કોઇ આડઅસર... તેનાથી ઉત્તમ શું??

૧. દાંત દુખતા હોય, હલતાં હોય, દાંત-પેઢાંમાંથી રસી નીકળતી હોય તો તલના તેલના નિયમિત કોગળા કરવાથી ફાયદો થાય છે, પાયોરિયા મટે છે. ૨ ચમચી જેટલું તેલ માઢામાં લઇ ૧૦ થી ૧૫ મિનિટ મોઢા ફેરવવું, પછી ફેંકી દેવું. તલના તેલનો એક જ કોગળો સડેલા દાંત અને પેઢાંને નવજીવન બક્ષે છે. ઉપરાંત તલના તેલના કોગળા નિયમિત કરવાથી શરીરનું ઝેર નીકળી જાય છે અને ઘણી બિમારીઓમાં ફાયદો થાય છે. નિયમિત ન થઇ શકે તો અઠવાડીયે એક-બે વાર કરવાથી પણ ચોક્કસ ફાયદો થાય છે.

૨) દાંત પીળા થઇ ગયા હોય તો થોડો ખાવાનો સોડા અને મીઠું ભેગું કરી દાંતે ઘસવાથી દાંત સફેદ થાય છે. હળદર અને સરસવનું તેલ મેળવીને ઘસવાથી પણ દાંત સફેદ થાય છે, અને હાલતા દાંત બંધ થાય છે અને દાંત મજબૂત થાય છે.

૩) હળદર, મુલતાની માટી અને ગુલાબજળ ભેગું કરી એક ફેસપેક બનાવી ચહેરા પર લગાડવાથી, ચહેરા પરના કાળા દાગ દૂર થાય છે. ઉનાળામાં મુલતાની માટી ૧ ચમચી, ચંદન પાવડર ૧ ચમચી, ઔષધીય કપુર ૫

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

• સાચી/ટેસ્ટેડ કસબ અને ઝાંક કસબ સાડીઓ, ચણીયા ચોળી.
• રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ.

૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાળકે રોડ, અરોમા હોટેલની સામે, દાદર (ઈ), મુંબઈ-૧૪.ટે.૨૪૧૬૪૨૭૯

સંપર્ક : દિનેશ દેઢિયા 92234 25676

## શ્રી મંજલ રેલડીયા અચલગચ્છ જૈન સંઘ

શ્રી મંજલ રેલડીયા અચલગચ્છ જૈન સંઘના શ્રી આદેશ્વરજી મહારાજના દેરાસરની ૧૩૩મી ધજા મહોત્સવમાં જોડાયેલા યાત્રિકોનું ટીકીટ વિતરણ તથા સભાનું આયોજન તા. ૧૨-૪-૨૦૧૫ રવિવારનાં શ્રી શીતલનાથ જૈન દેરાસર ઉપાશ્રયમાં વલકલ દુકાનની ઉપર, બીજે માળે, દાદાસાહેબ ફાલકે રોડ, દાદર (ઇ)માં રાખેલ છે. સમય બપોરે ૨.૩૦ થી ૫ વાગે. તો સર્વ યાત્રિકોએ અવશ્ય હાજર રહેવા નમ્ર વિનંતી છે. ઘરદીઠ એક વ્યક્તિએ હાજર રહેવું ફરજીયાત છે.

| | | |
|---|---|---|
| ત્રિદિવસીય સંઘપતિ દાતા : | રૂા. ૫,૦૧,૦૦૦ | તા. ૨૭-૨૮-૨૯-૨૦૧૫ |
| સત્તરભેદી પૂજા : | રૂા. ૧,૦૧,૦૦૦ | તા. ૨૭-૨૮-૨૯-૨૦૧૫ |
| ત્રિદિવસીય મંડપના ડેકોરેશનના દાતા : | રૂા. ૧,૧૧,૧૧૧ | તા. ૨૭-૨૮-૨૯-૨૦૧૫ |
| ત્રિદિવસીય મંડપના મેન ગેટના દાતા : | રૂા. ૭૫,૦૦૦ | તા. ૨૭-૨૮-૨૯-૨૦૧૫ |
| આમંત્રણ પત્રિકાના દાતા : | રૂા. ૩૧,૦૦૦ | તા. ૨૭-૨૮-૨૯-૨૦૧૫ |
| ત્રિદિવસીય શરબતના દાતા : | રૂા. ૩૩,૦૦૦ (એક દિવસના રૂા. ૧૧,૦૦૦) | તા. ૨૭-૨૮-૨૯-૨૦૧૫ |

**૩૦-૪-૨૦૧૫ : સંપૂર્ણ દિવસની સાધર્મિક ભક્તિના લાભાર્થી રૂા. ૫૧,૦૦૦**

નોંધ : - ચઢાવવાના લાભાર્થી પરિવારના ૨ ફોટા સાથે આમંત્રણ પત્રિકામાં નામ જાહેર કરવામાં આવશે તા.૧૨-૪-૨૦૧૫ પહેલાં નામ નોધાવવા વિનંતી જેથી આમંત્રણ પત્રિકામાં સ્થાન આપી શકાય.

**લિ.શ્રી. મંજલ રેલડીયા અચલગચ્છ જૈન સંઘના : પદાધિકારીઓ**

**સોમચંદ વસનજી ધરમશી** - 097267 76627
**વિજય કાંતિલાલ દંડ** - 093240 35566
**લક્ષ્મીચંદ પાસુભાઇ ગોસર** 098203 52391
**ધીરજ દેવશી ગોસર** - 098201 37341

## વરાડીયાના મોમાયા પરિવારની સુપુત્રી

કચ્છ : **નાના ભાડિયા** ● હાલે : **મુલુંડનું** ગૌરવ

અભિવાદન ● અભિનંદન

# અ.સૌ. ધૈર્યબાલા હિતેન રતનશી ગડા

Mob. 9322955533



સંસારીક જીવનના તાલમેલ સાથે
રોજીંદી ઘરેલું પ્રવૃત્તિઓ સહ
વિવિધ પ્રવૃતિઓમાં કાર્યશીલ રહીને,
આત્મીય શક્તિઓ ઉજાગર કરનાર
**AMUL Paneer**
**Master Chef Contest** માં
**All India Level** હજારો
કન્ટેસ્ટન્ટોમાંથી **TOPPER** બનનાર
**અ.સૌ. ધૈર્યબાલા ગડાને**
અંતરની અટારીએથી
**અભિનંદન.**

**તસ્વીરોમાં અ.સૌ. ધૈર્યબાલા અને હિતેન ગડાને સંજીવ કપુર, વિકાસ ખન્ના તથા રનવીર બ્રાર અભિનંદન સહ શુભેચ્છા આપતા નજરે પડે છે.**








**'કચ્છનું ગૌરવ : અ.સૌ. ધૈર્યબાલા'**ને તેમની પ્રાઇઝ વિનર
ડિશ સાથે **સ્ટાર પ્લસ ચેનલ** ઉપર પ્રસારીત કરેલ :
**અમુલ માસ્ટર શેફ**ના એકસ્ટ્રા ક્લાસીસ એપીસોડમાં
**રવિવાર, તા. ૫/૪/૨૦૧૫** માં પ્રસારણ થયેલ.


MasterChef KITCHEN KE SUPERSTAR

StarPlus

સાસુ-સસરા :
**સ્વ. માતુશ્રી સુંદરબેન રતનશી ગડા** (નાના ભાડિયા)
માતા-પિતા :
**ગં.સ્વ. માતુશ્રી હેમાબેન લક્ષ્મીચંદ મોમાયા** (વરાડીયા/ચેમ્બુર)
સુપુત્રો : **ચિ. ધ્રુવ - ચિ. પાર્થ હિતેન ગડા**
સુપુત્રી-જમાઈ : **કિંજલ ધર્મેશ સાવલા (મોથારા/દુબઈ)**



બાગબાનનાં પુષ્પો : ચિ. ધ્રુવ - ચિ. પાર્થ



પુત્રી-જમાઈ : અ.સૌ. કિંજલ - ધર્મેશ

## DHRUV METALS • PARTH METALS

**Manufacturers of Mixer - Grinder Jars**

Bhayander (East) • હિતેન : મો. 9869065533/9320065533






॥ શ્રી અનંતનાથાય નમઃ ॥ ॥ શ્રી આદિનાથાય નમઃ ॥ ॥ શ્રી શાંતિનાથાય નમઃ ॥ ॥ શ્રી આર્ય-જય-કલ્યાણ-ગૌતમ-નીતિ-દાન-નેમ-ગુણ-ગુણોદય કલાપ્રભસાગર સૂરિશ્વરેભ્યો નમો નમઃ ॥

**મહામોહમયી મુંબઈ નગરીના ઉપનગર ભાંડુપની ભવ્ય ભૂમિ પર**

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન સાંધવ • શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ • શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ ભાંડુપ**

ના નેજા હેઠળ **મુમુક્ષુ કુ. હેતલબેન** ના સંયમ ગ્રહણ ઉત્સવ નિમિતે **પંચાહ્નિકા મહોત્સવે પધારવા** જ્ઞાતિજનોને

# અંતરભીનું આમંત્રણ

※ દિવ્ય કૃપા ※
રાષ્ટ્રસંત, ભારતદિવાકર, શાસનસમ્રાટ્ અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબ

※ આજ્ઞા-આશિષ-મુહૂર્તદાતા ※
૪૯ વર્ષીતપના આરાધક, સંઘ શિરછત્ર, તપસ્વીરત્ન,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબ

※ દીક્ષા પ્રદાતા ※
રાજસ્થાનદીપક, સંઘવત્સલ, સૂરિમંત્ર આરાધક,
પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબ

※ સોહામણું શુભ સાનિધ્ય ※
ગણિવર્ય પ.પૂ. શ્રી કવીન્દ્રસાગરજી મ.સા તથા શ્રમણ-શ્રમણી ભગવંતો
અને યતિવર્યશ્રી મોતીસાગરજી મ.સા.

**પરમવીતરાગી, શાંતિધારક, દેવ ગુરૂ ધર્મ ઉપાસક, પ્રાણી માત્રના શાંતિ ના ચાહક, સુશ્રાવકવર્ય...**

સુજ્ઞ સાધર્મિક બંધુ જોગ,.........

**જય જિનેન્દ્ર**

ભૌતિકતાનું ભૂત જેને વળગ્યું નથી, સુખાભાસના સાધનો, સ્વાર્થભર્યા સબંધો ને સખીઓનો સંગાથ જેને સ્પર્શ્યો નથી, એન્જીનીયરીંગ નો વ્યવહારીક અભ્યાસ છતાં સંસારથી પર બની, સ્વની સાધના ખાતર સંયમ થી સિધ્ધત્વ તરફ સફર કરવાનું સોનેરી શમણું સાકાર કરવા, સદ્ગુરુનું શરણ સ્વીકારવા સજ્જ બનેલા, સાંધવ ગામના ભાંડુપ નિવાસી **મુમુક્ષુ કુ. હેતલબેન, મીનાબેન મણીલાલ ખોના ના સુપુત્રી**, કે જેઓ જગત - નિરંજન - પુણ્ય પરિવારમાં વ્યવહારકુશલા, પ.પૂ. વિપુલગુણાશ્રીજી મ.સા. ના શુભાશિષે વિરતી વાટના વીરાંગના બનવા તત્પર થઈ અધ્યાત્મ અવનીના અણગાર બનવા આતુર બન્યા છે, જપ - તપ - ત્યાગ ની સાથે તિતીક્ષાની રંગોળી પુરવા થનગની રહ્યા છે, ત્યારે અક્ષતના વધામણા સાથે આશિષનું ઉપહાર અર્પવા અમારું અંતર પ્રફુલ્લિત બન્યુ છે.

**તા. ૨૪/૪/૨૦૧૫ ને શુક્રવાર. વૈશાખ સુદ ૬ નો શુભદિવસ**

**તે ણં કાલેણં ...... તે ણં સમએણ તે કાળે ...... તે સમયે**

મહાભિનિષ્ક્રમણ નો દિવસ, હજારોની મેદની, સંગીતની સુરાવલી, પૂજ્યોશ્રીની નીશ્રા, ચતુર્વિધ સંઘની હાજરી, નાણ નું મંડાણ, પ્રભુની પધરામણી - રજોહરણ અર્પણ, મુમુક્ષુ દ્વારા એ ઘડી ને શુભ ઘડી.... ધન્ય બનાવતી પળ, રોમ રોમ ઉભા કરી દેતી પળ, તે નૃત્ય - સંઘવાસીઓની આંખોમાં આંસુ.... હૈયા માં આનંદ.... તમે આવશો ને...? આપને પણ એ સોનેરી ક્ષણોને સત્કારવા અમારી આગ્રહભરી આરઝુ છે... વિનંતી છે.... પધારશોજી..

**વરસીદાનની વધાઈ...વ્રતોચ્ચારની ઘડીઓ સવાઈ...**
**અવસર છે આનંદનો, આવકાર છે અંતરનો કરજો સ્વીકાર અમ સ્નેહનો,**
**પધારજો પ્રસંગ છે આ પોતાનો!**

**લાભાર્થી પરિવાર**



માતુશ્રી ઝવેરબાઈ પદમશી કલ્યાણજી ખોના સહપરિવાર
ગામ - સાંધવ હાલ - ભાંડુપ
માતુશ્રી રાજબાઈ દેવજી કુંવરજી મોતા સહપરિવાર
ગામ - વાયડ હાલ - ડોંબિવલી



માતુશ્રી લક્ષ્મીબાઈ હરશી લાલજી છેડા
હસ્તે
અ.સૌ. વિજયાબેન કુંવરજી હરશી છેડા સહપરિવાર
ગામ - રાયણ હાલ - ભાંડુપ



**નિમંત્રક**

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ**
પ્રમુખ : શ્રી કલ્પેશ માણેકજી મોતા

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન સાંધવ**
પ્રમુખ : શ્રી શામજી નરશી દંડ

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ ભાંડુપ**
કુમાર બાબુભાઈ દંડ



**સંયમ સુવાસ ઉત્સવ ના મહા પંચાહ્નિકા મહોત્સવની મંગલમય-મોહમય ઘડીઓ**

| | |
|---|---|
| **તા. ૨૦/૪/૨૦૧૫** | **સોમવાર, વૈશાખ સુદ ૨** |
| સવારના ૯.૦૦ કલાકે | પ્રભુ ભક્તિ કાર્યક્રમ |
| બપોરના ૨.૩૦ કલાકે | મુમુક્ષુ હેતલબેન મણીલાલ ખોના તરફથી સ્નાત્ર પૂજા શ્રી ક.દ.ઓ સ્નાત્ર મંડળ ભાંડુપ ભણાવશે. |
| **તા. ૨૧/૪/૨૦૧૫** | **મંગળવાર, અખાત્રીજ ને શુભ દિને - વૈશાખ સુદ ૩** |
| બપોરના ૨.૦૦ કલાકે | મુમુક્ષુ હેતલબેન મણીલાલ ખોના તરફથી શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણી પૂજા શ્રી ક.દ.ઓ. જૈન મહિલા મંડળ - ભણાવશે |
| રાત્રે ૮.૦૦ કલાકે | અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાલી માતાજીની ભાવના શ્રી અનંત મિત્ર મંડળ - ભાંડુપ અન્ય સાથી કલાકારો સાથે ભણાવશે |
| **તા. ૨૨/૪/૨૦૧૫** | **બુધવાર, વૈશાખ સુદ ૪** |
| સવારના ૭.૦૦ કલાકે | **ભવ્ય નગરપ્રવેશ સહ સામૈયુ** - સંયમદાતા યુવાચાર્ય પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. તથા ગણીવર્ય શ્રી કવીન્દ્રસાગરજી મ.સા. અને શ્રમણ - શ્રમણી ભગવંતો, યતિશ્રી મોતીસાગરજી મ.સા. આદિ પૂજ્યોનું બેન્ડ, ઢોલ-શરણાઈ ની સંગાથે ઈશ્વરનગર ભાંડુપ થી સામૈયાનો શુભારંભ |
| ૮.૦૦ કલાકે | માંગલીક બાદ નવકારશી |
| ૯.૦૦ કલાકે | **સિધ્ધચક્ર મહા પૂજન** - વિધિકાર : શ્રી કેશવજી ધારશી ગડા, રાયણ/નગરવાળા સંગીતકાર : જીતુ શાહ તથા ભાવના વોરા મંડળી સાથે પધારશે. |
| ૧૧.૩૦ કલાકે થી | સાધર્મિક ભક્તિ |
| બપોરના ૩.૩૦ કલાકે | મુમુક્ષુના કેસરથી **કપડા રંગવાનો કાર્યક્રમ** ગીત-સંગીત : ચેતના હરીયા, પદ્મ આર્ટસ<br>શ્રી ક.દ.ઓ. જ્ઞાતિના વિવિધ સ્નાત્ર, પૂજા મંડળો તથા મહિલા મંડળોની બહેનો દ્વારા સાંજી. |
| સાંજના ૫.૩૦ કલાકે | ચોવિહાર |
| રાત્રે ૭.૩૦ કલાકે | જ્ઞાતિના વિવિધ મંડળો - પાઠશાળાઓના બાળક-બાલિકાઓ દ્વારા દિક્ષાનું મહત્વ દર્શાવતી **વિવિધ નાટક-નાટીકાઓ** |
| **તા. ૨૩/૪/૨૦૧૫** | **ગુરૂવાર, વૈશાખ સુદ ૫** |
| સવારના ૭.૩૦ કલાકે | નવકારશી |
| સવારના ૮.૩૦ કલાકે | અચલગચ્છના સર્વે મુમુક્ષુ દીક્ષાર્થીઓ સાથે વરસીદાનની વધાઈ સહ ઘોડાવાળી બગી, ઢોલી, સંગીતમય બેન્ડ સાથે શોભાયાત્રા - **વરસીદાનનો ભવ્યાતિભવ્ય મહા મહોત્સવ** |
| સવારના ૧૦.૩૦ કલાકે | આચાર્ય ભગવંતશ્રી - ગણિવર્યશ્રી - મુનિવર્યોશ્રી - યતિશ્રી દ્વારા પ્રાસંગિક હિતશિક્ષા.... દીક્ષાર્થીઓ દ્વારા **આત્મલક્ષી પ્રવચન** |
| બપોરના ૧૨.૩૦ કલાકે | સાધર્મિક ભક્તિ |
| બપોરના ૨.૩૦ કલાકે | મુંબઈના વિવિધ મહાજનો, સંઘો, મંડળો દ્વારા મુમુક્ષુઓની **અભિવ્યક્તિ - અનુમોદના** |
| સાંજના ૭.૦૦ કલાકે | રૂડા રાજમહેલ ને ત્યાગી... મુમુક્ષુ નો **ભવ્ય વિદાય સમારંભ** - શ્રી નરેન્દ્રભાઈ નંદુ અને કપવન, જય, મેઘ બંધુ ત્રિપુટી દ્વારા - સંગીતકાર : શ્રી કૃષ્ણકાંત સાવાણી ના સંગીતના સથવારે. સ્થળ : સંયમ સુવાસ નગરી, મેવાડ કેસરી ભવન |
| **તા. ૨૪/૪/૨૦૧૫** | **શુક્રવાર, વૈશાખ સુદ ૬** |
| સવારના ૭.૩૦ કલાકે | નવકારશી |
| સવારના ૯.૦૦ કલાકે | વિનિતા નગરી - અનંતસિધ્ધિ ના આંગણે દીક્ષાર્થી દ્વારા **બેઠું વરસીદાન** |
| સવારના ૯.૩૦ કલાકે | સંયમ સુવાસ નગરી તરફ પ્રસ્થાન - દીક્ષાર્થીની શોભાયાત્રા |
| વ્રતોચ્ચારની ઘડી | શુભમુહૂર્તે - વિવિધ ચડાવા, દીક્ષાર્થીને છેલ્લું વિદાય તિલક,<br>પ.પૂ. આ.ભ. દ્વારા રજોહરણ પ્રદાન - દીક્ષા વેશ પરિધાન,<br>સંગીત તથા ચડાવાઓ શ્રી નરેન્દ્રભાઈ નંદુ અને બંધુ ત્રિપુટી દ્વારા - |
| બપોરના ૧૨.૩૦ કલાકે | સાધર્મિક ભક્તિ |


માતા - પિતા : અ. સૌ. મીનાબેન મણીલાલ પદમશી ખોના

CD - 2508 AMD

ચમચી લઇ તેમાં થોડું ગુલાબજળ અને પાણી મિક્સ કરી, આંખની આજુબાજુમાં વર્તુળકાર છોડી આખા ચહેરા પર લગાડવું. બિલ્કુલ સુકાયા બાદ પાણીથી ધોઇ લેવું - ચહેરા પર તાજગી જણાશે, ત્વચા સ્વચ્છ થશે અને ફોડી, દાગ દૂર થશે.

૧ ચમચી કોથમીરના રસમાં ૧ ચમચી હળદર મેળવીને ચહેરા પર લગાડવાથી કાળા દાગ, ખીલ, ત્વચાની શુષ્કતા દૂર થાય છે તેમજ ચહેરાની ચમક વધે છે..

હળદરને દૂધમાં મેળવીને શરીર પર લગાડવાથી શરીરની દુર્ગંધ દુર થાય છે ત્વચાની અંદરથી સફાઇ થાય છે.

૪. પ્રસાધનો માં સુગંધી દ્રવ્ય, આલ્કોહોલ અને તૈલી પદાર્થો ભેળવવામાં આવે છે. આવા પદાર્થથી વાસ ઢાંકી શકાય છે પરંતુ આ પદાર્થોને લીધે ચામડીપર એલર્જી થઇ બળતરા થાય છે, ત્વચામાં લાલાશ, સોજા આવી તેમાંથી ખરજવું થઇ શકે.

શરીર પરની અને પીઠ પરની કાળાશ દૂર કરવા માટે લીંબુના ટુકડાને ઘસી, ૧૦ મિનિટ રાખ્યા બાદ ઠંડા પાણીથી ધોઇ લો. આમ મહીનામાં બે વાર કરવાથી કાળાશ દૂર થશે અને ત્વચા ક્રાંતિવાન થશે.

૫. ખડખડાટ હાસ્યથી પીચ્યુટરી ગ્રંથીમાંથી એડિનો કોર્ટીકો ટ્રોફીક (ACTH) હોર્મોન ઝરે છે જેના પરિણામે શરીરમાં એન્ડોર્ફીન નામનું તત્વ વધે છે. જે પીડાનાશક તત્વ હોવાથી, દુઃખાવામાં રાહત થાય છે. ખુલ્લા મનથી હસવાથી મન હળવું બને છે; ટેન્શન દૂર થાય છે; દિવસભર પ્રસન્નતા રહે છે; રાત્રે સારી ઉંઘ આવે છે અને ઘણી બિમારીઓથી દૂર રહેવાય છે. પરંતુ હાસ્ય ઉપરછલ્લુ કે કુત્રિમ ન હોવું જોઇએ. કોઇને મળતી વખતે મોં પર આનંદભર્યું સ્મિત આવી જવું એ આપણને અને મળનાર વ્યક્તિને બન્ને ને સુખી અને સ્વસ્થ બનાવે છે. હસમુખા લોકો સમાજમા સ્વાસ્થયની હવા ફેલાવે છે.

૬. નવી અને જુની જીવલેણ બિમારીનો એક બહુજ સરળ અને સાદો ઉપચાર એટલે પાણી પ્રયોગ. વડીલોએ અગાઉથી અપનાવ્યું છે અને વૈજ્ઞાનીકોએ પરિક્ષણ કરી સારા પરિણામ જોયા છે. આ પાણી-પ્રયોગથી માથાનો દુઃખાવો, બ્લડપ્રેશર, કોલેસ્ટ્રોલ, કફ, લીવરને લગતા


શ્રી મોમાઇ માતાજી નમઃ

**શ્રી મોમાઇ માતાજી મોમાયા પરિવાર (સ્થાન -સાંયરા) : હાર્દિક આમંત્રણ**

**સાયરામાં શ્રી મોમાઇ માતાજી ને નમતા ભાવિકો સહપરિવાર એવમ નિયાણી બહેનો-દિકરીઓ સહ પરિવાર એવમ આમંત્રિત મહેમાનો જોગ....**

સહર્ષ જણાવવાનું કે આપણા કુળદેવી શ્રી મોમાઇ માતાજીની પાંચમી સમુહ પહેડી મુંબઇ મદ્યે સંવત ૨૦૭૧, વૈશાખ સુદ ૮, ને રવિવાર તા. ૨૬-૦૪-૨૦૧૫ ના શુભ દિવસે શ્રી મનોજભાઇ કારાણી એવમ સાથી કલાકારોના સથવારે સંગીતમય, ભક્તિમય, ગરબા રાસની રમઝટ સાથે આયોજીત કરવામાં આવેલ છે.

**આપ સૌને સહ પરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ છે.**

**નોંધ : કાળા વસ્ત્રો પહેરીને નહીં આવવાની કાળજી લેવા નમ્ર વિનંતી.**

પહેડીના લાભાર્થી દાતા પરિવાર : **માતુશ્રી નિર્મલાબેન વાલજી મુલજી મોમાયા (બારોઇ)**
**હસ્તે શ્રી કિરણભાઇ વાલજી મોમાયા સેદાપુરવાળા પરિવાર.**


શુભ સ્થળ / સમય : **શ્રી કપોળવાડી, એમ.જી. રોડ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઇ સવારના ૮ કલાકે થી.**

**સંપર્ક**

શ્રી લબ્ધીભાઇ મોમાયા (ગાંધીધામ) મો. 098253 51001
શ્રી ધનપતિભાઇ મોમાયા (જલગામ) મો. 094231 85716
શ્રી ભદ્રેશભાઇ મોમાયા (મુલુન્ડ) મો. 098331 31359
શ્રી હિરાચંદભાઇ મોમાયા (ઘાટકોપર) મો. 098703 36826
શ્રી દિનેશભાઇ મોમાયા (ડોંબીવલી) મો. 098206 78051
શ્રી પંકજભાઇ મોમાયા (ઘાટકોપર) મો. 09820143287
શ્રી શ્રેણીક મોમાયા (મુલુન્ડ) મો. 093237 85320

નિમંત્રક : **શ્રી ભોઇમા જયાબાઇ નવિનચંદ મોમાયા તથા મોમાઇ માતાજી પરિવારના જય માતાજી**

## આદરાંજલિ



**શ્રી રાયચંદ હંસરાજ ધરમશી**

(સુથરી - વરલી)

**ધર્મ અભ્યાસુ, કરી અનોખી સાધર્મિક ભક્તિ...**
**જ્ઞાતિ-હિતાર્થે સ્વપ્નો જોયા ને સાકાર કરવા લગાડી પૂરી શક્તિ ...**
**અરિહંત શરણે શાંતિ પામો ને પામો પુણ્યબળે ઉચ્ચગતિ !**

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - વાંકુ કચ્છ.**

**તમને આવકારવા ઉત્સુક સમસ્ત આસમાન... આપ પ્રકાશશો સુરજ સમાન!!**



**શ્રી કલ્પેશ માણેકજી મોતા**

(રાપર ગઢવારી - ઘાટકોપર)

**આપે શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના પ્રમુખ તરીકેની**
**જવાબદારી સંભાળી લીધી છે, તેના સમાચારે સમસ્ત જ્ઞાતિમાં**
**એક નવા યુગના મંડાણ થઈ રહ્યાના એંધાણ આપ્યા છે....**
**જ્ઞાતિ ગૌરવ જેવા આપ, જ્ઞાતિ ગરિમાને સોળે કળાએ ખીલવો એવી શુભેચ્છા!**

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - વાંકુ કચ્છ.**

રોગ, પેશાબની બિમારી, એસીડીટી, ગેસ, કબજીયાત, હરસ, આંખની બિમારીઓ વગેરે મટી છે. સવારે મોઢું સાફ કર્યા પછી નરણે કોઠે ૨ થી ૩ ગ્લાસ (ફાવે મુજબ પ્રમાણ) હુંફાળુ (નવસેકું) પાણી પીવું. આ પાણી પ્રયોગ એટલે... ના કાંઇ ખર્ચ...ના કાંઇ આડઅડસર...

૭. નસકોરી ફૂટે તો અરડૂસીના પાનના રસના ૩થી ૪ ટીપાં નાકમાં નાખવાથી નસકોરી બંધ થાય છે તેમજ અરડૂસીના પાન રસ કે અરડૂસી કફ સિરપ / અડુલસા / વાસા ૧-૧ ચમચી ત્રણ વખત થોડા વખત માટે લેવાથી કાયમી તકલીફ મટે છે. તરતજ ઉપાય માટે બરફનો ટૂકડો માથે, કપાળે, ગરદન પર ફેરવવાથી કે તાળવા પર ઠંડા પાણીની ધાર પાડવાથી નસકોરી બંધ થાય છે.

અરડૂસીના તાજા પાન ધોઇ, કુકરમાં મૂકી શાકભાજીની જેમ બાફી ચોખ્ખા કપડામા મૂકી રસ કાઢવો. પછી રસમાં અડધી વાટકી સાકર અને મળે તો ધરાનો રસ અડધી વાટકી ઉમેરી પીવું. આ પ્રયોગથી કોઇપણ રક્તસ્ત્રાવ કે પરપ્યુરા (લોહી બંધ ન થતું હોય તેવી બિમારી) માં ખૂબ ફાયદો કરે છે.

૮. આતિ વધુ ચાલ્યા હોઇએ કે જાત્રાઅર્થે પહાડ ચઢ્યા હોઇએ, પગના ગોટલા ચડી ગયા હોય ત્યારે મોટી બાલ્દીમાં સહન તેવું ગરમપાણી લઇ તેમાં મૂઠીભર આખું 'મીઠુ' નાખી તેમાં થોડો સમય પગ ડુબાડીને બેસવાથી ખૂબજ આરામ થાય છે. થાક ઉતરી જાય છે; અને સ્નાયુ ખેંચાવા જેવી કોઇ તકલીફ થતી નથી.

સાંધા દુઃખતા હોય, ગરદન જકડાઇ ગઇ હોય કે સંધિવાનું દર્દ હોય ત્યારે સરસિયાના તેલમાં કપૂર મેળવી માલિશ કરવાથી રાહત થાય છે.


॥ શ્રી સચ્ચામાતાજી નમઃ ॥ શ્રી ગણેશાય નમઃ॥ ॥ શ્રી વાચ્છરાદાદાને નમઃ ॥

**શ્રી કચ્છ કોટડી મહાદેવપુરી - ગોધરા ગામના ધ્રોળ પરિવારના કુળદેવી શ્રી સચ્ચામાતાજીને શ્રી વાચ્છરાદાદજીની દસમી સમુહ પહેડી**

**શુભદિન : વૈશાખ સુદ આઠમ રવિવાર**

**તા. ૨૬-૪-૨૦૧૫, સમય બપોરનાં ૪થી ૯** સુધી

ભક્તિ સંગીત **મનોજ કારાણી અને સાથી કલાકારો**

**શુભ સ્થળ : નરશીનાથા સભાગૃહ A/C હોલ L.B.S. માર્ગ, ભાંડૂપ (વેસ્ટ),**

પહેડીનાં દાતાશ્રી : **નિયાણીબેનો અને ધ્રોળ સહપરિવાર**

આ પ્રસંગે ધ્રોળ પરિવારનાં ભાવિકો અને નિયાણી બહેનોને સહ પરિવાર પધારવા ભાવભર્યુ આમંત્રણ છે.

નોંધ : કાળા વસ્ત્રો પહેરીને આવવું નહિ.

જય જિનેન્દ્ર - જયમાતાજી

મનોજ દેવશી ધ્રોળ : મો. ૯૮૨૦૯૬૨૬૧૯

સી.૬, યોજના એપાર્ટમેન્ટ, અંબિકા નગર, રાકેલ ડેપો ગલ્લી, ડોંબીવલી (ઇ), - ૪૨૧૨૦૧



**હાર્દિક અભિનંદન**



**શ્રી કલ્પેશ માણેકજી મોતા**

રાપરગઢવારી - ઘાટકોપર

આપે સૌનો સ્નેહભાવ કેળવી તથા
નેતૃત્વ શક્તિનું આગવું દર્શન કરાવી
શ્રી.ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-મુંબઇનું પ્રમુખપદ
પ્રાપ્ત કર્યું તે બદલ હાર્દિક અભિનંદન.
આપ રૂપે **નાની પંચતિર્થી વાવાલાપરા**ના
ગામોમાંથી બીજી વ્યક્તિ આ પદ પર આરૂઢ થઇ
એ અમારે માટે વિશેષ ગૌરવની વાત છે.
આપની ટીમ સાર્વાધિક સફળતા મેળવી
ઇતિહાસ સર્જે એવી શાસન દેવને અભ્યર્થના.

**શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસરજી અને મહાજન ટ્રસ્ટ**

પ્રમુખ :- **શ્રી કુસુમકાંત ટોકરશી નાગડા** -
ઉપપ્રમુખ : **શ્રી નવીનભાઇ હીરજી શાહ (દંડ)** (વેરાવળ)
મંત્રીશ્રી : **શ્રી હીરાચંદ નરશી દંડ**

**શ્રી. કચ્છ પરજાઉ જૈન મહાજન ટ્રસ્ટ ફંડ્સ**

પ્રમુખ : **શ્રી ગુલાબભાઇ ધનજી દંડ**
ઉપપ્રમુખ : **શ્રી કેતનભાઇ લાલજી દંડ**
મંત્રી : **શ્રી નયન લહેરચંદ મેપાણી**

### હોમિયોપેથિક મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કિરીટભાઇ લક્ષ્મીચંદ લાપસીયા પરિવારના સથવારે તા. ૨૪.૦૪.૧૫ ને શુક્રવારના સવારના ૧૦વાગ્યાથી ૧ દરમ્યાન પરબશક્તિ સંજીવની સોસાયટીની ક્લિનીક, શ્રી અનંતનાથ કોમ્પ્લેક્સ (જૈન કોમ્પ્લેક્સ), ડબ્બા કંપનીની બાજુમાં, કાંજુરમાર્ગ (ઇસ્ટ) માં હાડકાની તકલીફ ધરાવતા દર્દીઓ માટે હોમિયોપેથિક મેડિકલ કેમ્પ યોજાયેલ છે. ઇચ્છૂક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક : શ્રીમતી શ્વેતા મિતેશ શાહ, મો. : ૯૬૧૯૨૭૦૪૩૦ પર રજીસ્ટ્રેશન જરૂરી છે. રજી. ના રૂ. ૫૦/- ત્યાં આવીને ભરવાના રહેશે. રજી.ની છેલ્લી તા. ૨૦-૪-૨૦૧૫.

**કિડની, લીવર, સ્કિન તથા અન્ય રોગના દર્દીઓ માટે હોમિયોપેથીક મેડીકલ કેમ્પ** શનિવાર તા. ૨૫.૪.૨૦૧૫ સવારના ૯ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી તથા રવિવાર તા. ૨૬.૦૪.૧૫ના બપોરના ૪ વાગ્યા સુધી શ્રી ચેમ્બૂર જૈન મેડીકલ રીલીફ સેન્ટર, ચેમ્બુર ખાતે યોજાયેલ છે. રજિસ્ટ્રેશન ના રૂ. ૧૦૦ ત્યાં આવીને ભરવાના રહેશે. સંપર્ક : **શ્રીમતી શ્વેતા મિતેશ શાહ** મો.૯૬૧૯૨૭૦૪૩૦ પર રજીસ્ટ્રેશન જરૂરી.


Since 1984...

**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટ ક્સબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**

**જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.**

**Mob. : 7666688881**

**ગુરૂવાર બંધ**


## શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન સંઘ – ઘાટકોપર

### માસીક પૂણ્યતીથીની ભાવંજલી



જન્મ : તા. ૧૦-૦૨-૧૯૩૯ | અવસાન : તા. ૦૩-૦૩-૨૦૧૫

### સ્વ. શેઠશ્રી રાયચંદ હંસરાજ ધરમશી

શ્રી કચ્છી દશા ઓસવાલ ઘાટકોપર વિદ્યાવિહાર ચેમ્બુર જૈન સંઘના પ્રથમ પ્રમુખ દાનવીર સમાજરત્ન **શેઠશ્રી રાયચંદ હંસરાજ ધરમશી**નું સંઘે આધારસ્તંભ નેતૃત્વ ગુમાવ્યું છે. તેમના ઉંચા કાર્યો, સાધર્મિકોની સેવા, સાધુ-સાધ્વી ભગવંતની સેવા, ધાર્મિક પ્રવૃત્તિઓ તેમજ વિધવિધ ક્ષેત્રે કરેલા કાર્યો કદીએ ભુલાશે નહીં. શ્રી સંઘને તેમની ખોટ હંમેશા સાલશે. સંઘના તથા સમાજના દરેક પ્રસંગ જેવા કે ધાર્મિક, જીવદયા, મેડીકલ સહાય, આવાસ યોજના, કે પછી શૈક્ષણિક સહાય હોય હંમેશા સાથ આપવા તત્પર જ હોય, **ઉચ્ચ શૈક્ષણિક ફંડ માટે રૂા. ૧૦,૦૦,૦૦,૦૦૦/– (રૂા. દસ કરોડ) અને શ્રી વિરજી લધાભાઈ બોર્ડીંગ માટે રૂા. ૧,૦૦,૦૦,૦૦૦/– (રૂા. એક કરોડ)** ની સહાય આપી એ માટે સંઘ એમની ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

**જીંદગી મળવી એ નસીબની વાત છે, મૃત્યુ આવવું એ સમયની વાત છે,**
**પણ મૃત્યુ પછી બધાના દિલમાં રહેવું એ જીવનમાં કરેલા સત્કર્મોની વાત છે.**

હે પરમાત્મા આ ઉચ્ચ જીવને મહાવિદેહમાં ઉંચુ સ્થાન પ્રાપ્ત થાય એજ શ્રી સંઘની જિનેન્દ્ર ચરણે પ્રાર્થના.

**શ્રી સમીર લક્ષ્મીચંદ નાગડા – શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન સંઘ (પ્રમુખ – ઘાટકોપર)**

સદેહે તું ભલે નથી હાજર,

**પરંતુ તારી અંતિમ કાવ્ય રચના દ્વારા,**

સમજાવી ગઈ **'વર્ષા'** તું સબંધોની સમજ



# મારા સ્વર

જન્મ : તા. ૨૩.૧૧.૧૯૬૭ અરિહંતશરણ : તા. ૩૦.૦૩.૨૦૧૫

બદલાયા મારા સ્વર, કંઈ કારણ તો હશે ને !
ઓ શ્વર ! માનું તારો આભાર
આપી ઓળખ મને મારા સ્વજનો તણી,
તું તો ખરો ઈશ્વર કેરો મહાન.
ફરજો બજાવી અનેક; એ પણ નિઃશ્વાર્થ ભાવે,
બદલાયેલા કારણવશ, ઓ મારા શ્વર !
તું સ્વજનમા સદ્દ્ભાવના બની વસ.
મેં તો આપી છે આજ મુજ હૈયાને હામ,
સ્વરની કડવાસ વ્યાપી રગેરગમાં જામ.
જાણું ઓ શ્વર, તુજ તંતુએ તંતુમાં સત્યની કડવાસ.
કડવાસથી યે જો આવે સ્વજન સુધાર,
ધન્ય ધન્ય બની જાય મુજ માનવ અવતાર.
મેં તો સ્વર ને ઈશ્વર સુધી સાધ્યો છે આજ.
જે તું કરે, એજ ખરું હવે દિનાનાથ.

**તારી યાદોમાં શોકાતુર : જયેશ, જય, ચાર્વિ માતુશ્રી તારાબેન નવીનચંદ્ર કલ્યાણજી છેડા. (વારાપધર)**



## ભુજપુર મહાકાલી મંદિરે ચૈત્ર નવરાત્રી ઉત્સવ

શ્રી જિનેન્દ્ર જયોતિર્ધામ મંદિર ભુજપુર સ્થાને ચૈત્ર નવરાત્રી નિમિત્તે ૮નાં દેવદેવીઓ તથા ગુરૂમુર્તિના અભિષેક, માતાજીનું પુજન - શણગાર-ચુંદડી તથા હવન આદિ કાર્યક્રમો યોજાયા. ઉત્સવનો લાભ માતાજીનાં ભાવિક અ.સૌ. રશ્મિ પ્રતાપ લોડાયા (મુલુન્ડ) એ લીધેલ. ઉત્સવમાં ભાવિકોએ ઉમળકાભેર ભાગ લીધેલ.

યતિ શ્રીએ પૂજન હવન કરાવેલ અને પધારેલ સૌને માંગલિક આશિર્વાદ આપેલ. આયોજક હર્ષવર્ધને આભાર વિધી કરેલ.


શુભેચ્છાઓ સહ...
સાંધવ રત્ન
શ્રી મુલજી રાઘવજી લોડાયા
MRL Group of Companies

અસલ કલા-કસબનો સમન્વય
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો પાનેતર
• બાંધણીઓ મનભાવન ડીઝાઇનો, શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...
૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે, મુંબઇ- ૦૨.
Tel. : 22413995 / 22402786
સરનામું : ૨૮, ગની મેન્સન, શૉપ નં ૧, અરોરા થિયેટરની પાછળ, માટુંગા (સે.રે.)
કિંગ સર્કલ, મુંબઈ -૧૯ ફોન નં-2404 3995/93222 58574


ABDASA (KACHCHH) GAUSHALA TRUST
(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)
C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119


## દ્વિતીય પુણ્યતિથી

જન્મ
તારીખ : ૨૭/૧૦/૧૯૩૩



અરિહંતશરણ
તારીખ : ૯/૪/૨૦૧૩

**સ્વ. શ્રી ખીમજી કરમશી શાહ (લોડાયા)**

મોટી ખાવડી - મુલુન્ડ

આપની હયાતી અમારી પ્રેરણા હતી, આપના આદર્શો અમારા માર્ગદર્શક હતા,
પરોપકાર આપનું રત્ન હતું, સત્કાર્ય આપની શોભા હતી,
પ્રભુ આપના આત્માને પરમ શાંતિ અને સદ્‌ગતિ આપે એવી પ્રાર્થના...

પત્ની : **ગ.સ્વ. જયવંતીબેન ખીમજી શાહ (લોડાયા)**
પુત્ર-પુત્રવધુ : ગીરીશ - સંધ્યા, મહેશ - નુતન, બંકીમ - રીટા, મુકેશ - ગીતા
પૌત્ર-પૌત્રવધુ : પ્રિતેશ - શિખા, ઉર્વેશ - પાયલ • પૌત્રી-પૌત્રી જમાઈ : ભક્તિ - તુષાર
પૌત્ર : કુનાલ • પૌત્રી : કીંજલ, દૃષ્ટી

**સ્વ. શ્રી કરમશી વિરપાર લોડાયા પરિવાર - મોટી ખાવડી • શ્રી ટોકરશી પદમશી ધરમશી પરિવાર - નાની ખાવડી**

## નવા/બદલાયેલા સરનામા– (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **લહેરચંદ લા. પોલાડિયા** | રૂમનં.૧૧૯, પહેલે માળે, 'બી' વીંગ જ્ઞાન પ્રસાદ કો.ઑ.હૌ.સોસાયટી.લી. પં.દીનદયાળ ક્રોસ રોડ,ડોંબીવલી (વે) - ૪૨૧ ૨૦૨ |
| **નવલબેન વિરચંદ શાહ** | c/o. હિના વિરચંદ શાહ, રાધિકા પાર્ક, 'સી' વિંગ, ફ્લૅટ નં. ૦૭, ૨ માળે, બેંકર નગર, ધ્યારી, પૂણે - ૪૧૧૦૪૧. મો. ૯૭૬૫૪૫૯૭૭૯ / ૭૭૯૮૫૭૪૧૦૯ |
| **ભરત બી. ખીમજી** | પ્લોટ નં.૧થી ૪, સુંદર ટાઉન, ગોપનકોપા, હુબલી - ૫૮૦૦૨૩ |
| **સચિન ભરત ખીમજી** | બીની ક્રેસન્ટ, ૧૬-એ, બ્લોક -ડી, બેન્સન ક્રોસ રોડ, ઑફ નાંદી-દુર્ગા રોડ, બેંગલોર - ૫૬૦૦૪૬ |

## નવા/બદલાયેલા ફોન નંબર

**નવલબેન વિરચંદ શાહ : 09765459779/07798574109**

**ભરત બી. ખીમજી: (R) 0836-2282826, (O) 0836-231 0086**

## જીવનચક્ર

| | | | | |
|---|---|---|---|---|
| | | **જન્મ** | | |
| ૬.૦૧.૧૫ | વડોદરા | પરિધી-પૂજા/રોહિન રતીલાલ ધુલ્લા | સુથરી | પુત્રી |
| ૨૮.૦૧.૧૫ | વડાલા | અમાયરા-રચના/અમિત સુરેશ નાગડા | રંગપૂર | પુત્રી |
| ૨૪.૦૨.૧૫ | અમદાવાદ | અંશ-ઝલક/જીગર કુલીનકાંત લાલજી મૈશેરી | જખૌ | પુત્ર |
| | | **સગપણ** | | |
| ૧૨.૦૨.૧૫ | ગાંધીધામ | હિતેશ ભરત મોતા | રાપર | ૨૪ |
| | કોઠારા | ભાવના વિશનજી મુનવર | કોઠારા | ૨૪ |
| ૨૧.૦૩.૧૫ | ઔરંગાબાદ | હર્ષલ અનિલ જેઠાભાઇ મોમાયા | વરાડીયા | ૨૫ |
| | નાગપુર | ચાર્મી નિતિન આણંદજી મુનવર | જખૌ | ૨૪ |
| ૨૪.૦૩.૧૫ | ભાંડૂપ | ચાર્વિક નિતિન મણીલાલ મોમાયા | વરાડીયા | ૨૬ |
| | મુલુંડ | રશ્મી રમેશ મણશી પોલડીયા | ડુમરા | ૨૫ |
| ૨૭.૦૩.૧૫ | મુલુંડ | ઉર્વેશ મહેશ ખીમજી કરમશી લોડાયા | મોટી ખાવડી | ૨૮ |
| | ડોંબીવલી | પાયલ ઝવેરચંદ ભાણજી ત્રીકમજી ડાગા | દલતુંગી | ૨૭ |
| ૨૯.૦૩.૧૫ | સિકંદરાબાદ | આશિષ ખુશાલ ધરમશી | કોઠારા | ૨૪ |
| | વર્ધમાન નગર (ભૂજ) | દેવયાની હિરાચંદ છેડા | સુથરી | ૨૧ |
| | | **આતરજ્ઞાતિય સગપણ** | | |
| ૧૩.૦૩.૧૫ | લાલબાગ | જીહાન નિલેશ શિવજી વિકમશી | રાણપર | ૨૪ |
| | પ્રભાદેવી | સરયુ સુનિલ સરદેસાઇ | સંગમેશ્વર (રત્નાગિરી) | ૨૪ |
| | | **મરણ** | | |
| ૨૬.૦૩.૧૫ | મસ્જિદ બંદર | નરેન્દ્ર દુલીનચંદ ભવાનજી લોડાયા | વારાપધર | ૫૮ |
| ૨૭.૦૩.૧૫ | રાવેર | ઉમરશી દામજી રતનશી મૈશેરી | લાલા | ૮૭ |
| ૨૮.૦૩.૧૫ | ડોંબીવલી | ટોકરશી શામજી પાંચુભાઇ લોડાયા | કોઠારા | ૭૯ |
| ૩૦.૦૩.૧૫ | વડોદરા | હિરાચંદ દામજી હંસરાજ વિકમશી | પરજાઉ | ૬૮ |
| ૩૧.૦૩.૧૫ | ખીરકીયા | ચંદ્રકાંત ભવાનજી વેરશી નાગડા | લાલા | ૭૨ |
| ૩.૦૪.૧૫ | ડોંબીવલી | પૂર્ણિમા ચિમનલાલ ધરમશી | મંજલ | ૬૩ |

**પ્રકાશ સમીક્ષાના ચેક લખનારાઓને આગ્રહભરી વિનંતી કે ચેકો C.D.O. PRAKASH SAMIKSHA SAMITI - નામે લખવા.**
**એપ્રીલ ૨૦૧૫ થી રિઝર્વ બેંકની સુચના પ્રમાણે અમારી બેંક ખાતાના નામ સિવાયનાં નામનાં ચેક નહીં સ્વીકારે**

# શ્રી બીપીન પાશ્વીર નાગડા (રંગપૂર–મુલુંડ) ને ઈંશ્યુરેન્સ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કાર્ય બદલ બૃહન્મુંબઈ ગુજરાતી સમાજનો ગિરનાર એવોર્ડ





આપની શુભકામના રંગ લાવી છે...
મારા જીવનની શ્રેષ્ઠ ઘડી
આપના સહયોગથી જ આવી છે...
આ સફળતા છે આપણી...
આપના સહભાગથીજ
શોભશે ઉજવણી..

**બીપીન નાગડા**




## ૨૦૧૫ નાં ગિરનાર એવોર્ડ વિજેતાઓ

## શ્રી બીપીન નાગડાની ગિરનાર એવાર્ડ સુપાત્રતા વિશે બૃહન્મુંબઈ ગુજરાતી સમાજની નોંધ




બીપીન નાગડા ના જીવનની વાત સંઘર્ષથી ભરપૂર તેમજ પ્રેરક છે. ચોકકસ ધ્યેયને સામે રાખીને તેઓ બધા પડકારોને ઝીલતા રહેતા અને સુલઝાવતા ગયા બાદ આ મુકામે પહોંચ્યા છે. LIC અને જનરલ વિમામાં ૩૭ વર્ષની અવિરત યશસ્વી તેમની કારકિર્દી રહી છે. ૩૦ વર્ષથી કરોડપતિ એજેન્ટ, MDRT (USA) ૨૧ વર્ષથી થાણા ડીવીઝનના પ્રથમ COT સભ્ય ૨૮ વર્ષથી ચેરમેન ક્લબના સભ્ય, પૂરા ભારતના ૧૨ લાખ એજન્ટમાંથી LIC ના સર્વોચ્ચ બહુમાન ધારક (કોર્પોરેટ કલબના સભ્ય) જે ભારતમાં ૭૦ એજન્ટને મળે છે તેમાંના તેઓ એક છે. તેમને વિવિધ વિમા કંપની દ્વારા ૧૫ વખત આંતરરાષ્ટ્રીય બહુમાન મળેલ છે. સામાજિક ક્ષેત્રમાં ૧૯૯૦ થી મંદ બુદ્ધિનાં બાળકોની સ્કૂલ, વતનમાં પશુ પુષ્પ પરબ, મોંધીરૂપા આરોગ્ય કેન્દ્ર, પશુ-પક્ષી વિશ્રાંતી ગૃહ (ચણિયારો) નીરંતર ચાલુ છે. તેઓ જાયન્ટ ઈન્ટરનેશનલ, ભીવંડી ક્લબના પ્રમુખ, જૈન સોશ્યલ ગ્રુપ ભીવંડીના પ્રમુખ, શ્રી અનંતનાથજી જૈન દેરાસરના ટ્રસ્ટી વગેરે પદ સંભાળે છે. તેમને ઘણા બધા એવોર્ડથી નવાજવામાં આવ્યા છે. તેઓ મુંબઈના પરાં મુલુંડમાં વર્ષોથી રહે છે.

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2015
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

## અનંત યુવા શકિતના સૌથી મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ ઐરોલી મહાજનવાડીનું પ્રતિકાત્મક ઉદ્‌ઘાટન












## શ્રદ્ધાંજલિ



### સ્વ. શેઠશ્રી રાયચંદ હંસરાજ ધરમશી
### સુથરી, મુંબઈ

સમાજ રત્ન, માનવતાના દરેક ક્ષેત્રે, ધાર્મિક વિભાગના દરેક ક્ષેત્રે પોતાનું
વિશિષ્ટ યોગદાન આપનાર શેઠશ્રી નરશી નાથા તથા શેઠશ્રી કેશવજી નાયકની યાદ
અપાવનાર શ્રેષ્ઠીવર્ય શ્રી રાયચંદભાઈ જીવન સંધ્યા ના સ્થાપક ટ્રસ્ટી હતા.
જીવન એવું જીવ્યા કે જોનારા જોયા કરે, કર્મ સદા એવા કર્યા કે હૃદયમાં ગુંજ્યા કરે
દુઃખથી કદી ડર્યા નહિ સુખમાં કદી છલકાયા નહિ, અણધાર્યા વિદાય લીધી
પણ જીવીત હોવાનો ભાસ છે, દર્શન નથી તમારા દેહના પણ વાસ છે હૃદયમાં સદા તમારો.

આપનો આત્મા જયાં પણ હોય ચિર શાંતિને પ્રાપ્ત કરે એજ
જીવન સંધ્યાના દરેક સભ્યો અને ટ્રસ્ટીગણની ઈશ્વરને પ્રાર્થના

**શ્રીમતિ મણીબાઈ કાંતિલાલ શાહ (મૈશેરી) ચેરીટિબલ ટ્રસ્ટ, (જીવન સંધ્યા) ગદગ.**

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,